# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 24-09-2025** **EVENING: 7.50 TO 8.00**
**Day : WENDESDAY** **National News**

## આકાશવાણી સમાચાર પ્રવેશ અડિએચા વાંચે છે.

*****************************************************

1. કેન્દ્રીય મંત્રીમંડળે દેશના જહાજ નિર્માણ અને દરિયાઈ માળખાને પુનર્જીવિત કરવા 69 હજાર કરોડથી વધુની પ્રોત્સાહન રકમ મંજૂર કરી.
2. કેન્દ્રીય મંત્રીમંડળે 10 લાખ 91 હજાર રેલવે કર્મચારીઓ માટે બૉનસ જાહેર કર્યું.
3. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ કળાને સાંસ્કૃતિક વારસાને સમૃદ્ધ કરવા અને સમાજને વધુ સંવેદનશીલ બનાવવાનું સશક્ત માધ્યમ ગણાવ્યું.
4. વાવાઝોડા "રાગાસા"એ તાઇવાન, હૉન્ગકૉન્ગ, ફિલિપાઈન્સ અને દક્ષિણ ચીનમાં તારાજી સર્જી
5. એશિયા કપ ટી-20 ક્રિકેટના સુપર ચાર મુકાબલામાં ભારત સામેની મૅચમાં બાંગ્લાદેશે ટૉસ જીતી બૉલિંગ પસંદ કરી

……………………………………………………………

સમાચારને અંતે (આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા )

(હવે પછી આપ આવતીકાલે સવારે 7 વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# REV CABINET CCEA

કેન્દ્રીય મંત્રીમંડળે આજે ભારતના જહાજ નિર્માણ અને દરિયાઈ માળખાને પુનર્જીવિત કરવા 69 હજાર 725 કરોડ રૂપિયાથી વધુની પ્રોત્સાહન રકમને મંજૂરી આપી છે. નવી દિલ્હીમાં કેન્દ્રીય માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવે કહ્યું, આ રકમ સ્થાનિક ક્ષમતાને મજબૂત કરવા, લાંબાગાળાના ધિરાણમાં સુધારા અને ગ્રીનફિલ્ડ અને બ્રાઉનફિલ્ડ જહાજવાડાના વિકાસને પ્રોત્સાહન આપવા ડિઝાઈન કરાયેલાં એક ચાર-સ્તંભનો દ્રષ્ટિકોણ રજૂ કરે છે.

(BYTE: ASHWINI VAISHNAW, UNION MINISTER)

શ્રી વૈષ્ણવે કહ્યું, મંત્રીમંડળે આજે 10 લાખ 91 હજાર રેલવે કર્મચારીઓને 78 દિવસની ઉત્પાદકતા આધારિત બૉનસ તરીકે એક હજાર 865 કરોડ રૂપિયાથી વધુની ચૂકવણીને મંજૂરી આપી છે. પાત્રતા ધરાવતા રેલવે કર્મચારીઓ માટે ઉત્પાદકતા આધારિત બૉનસની ચૂકવણી દર વર્ષે દુર્ગા પૂજા અને દશેરાની રજાઓથી પહેલા કરાય છે.

શ્રી વૈષ્ણવે કહ્યું, મંત્રીમંડળે 15-મા નાણાપંચ 2021–22થી વર્ષ 2025-26ના સમયગાળા માટે બે હજાર 277 કરોડ રૂપિયાથી વધુના કુલ ખર્ચ સાથે વૈજ્ઞાનિક અને ઔદ્યોગિક સંશોધન વિભાગ, વિજ્ઞાન અને ઔદ્યોગિક સંશોધન પરિષદ ક્ષમતા નિર્માણ અને માનવ સંસાધન વિકાસ યોજનાને મંજૂરી આપી છે. તેમણે કહ્યું, આ યોજના C.S.I.R. દ્વારા અમલમાં મૂકાઈ રહી છે અને દેશભરની તમામ સંશોધન અન વિકાસ સંસ્થાઓ, રાષ્ટ્રીય પ્રયોગશાળાઓ, રાષ્ટ્રીય મહત્વની સંસ્થાઓ, પ્રતિષ્ઠિત સંસ્થાઓ તેમજ વિશ્વ-વિદ્યાલયોને આવરી લેશે..              . . . . . . . . . . .

## REV PREZ CULTURAL POWER

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ આર્થિક શક્તિ તરીકે વધતી પ્રતિષ્ઠાની સાથે સાથે ભારતની સાંસ્કૃતિક શક્તિ તરીકે પોતાની ઓળખને મજબૂત કરવા સામૂહિક પ્રયાસની જરૂરિયાત પર ભાર આપ્યો. નવી દિલ્હીમાં આજે લલિત કળા અકાદમી દ્વારા યોજાયેલી 64-મા રાષ્ટ્રીય કળા પ્રદર્શનીના પુરસ્કાર સમારોહમાં રાષ્ટ્રપતિએ કહ્યું, કળા સાંસ્કૃતિક વારસાને સમૃદ્ધ બનાવવા અને સમાજને વધુ સંવેદનશીલ બનાવવાનું એક સશક્ત માધ્યમ છે. તેમણે ભારતીય કળા સતત વિકસિત થઈ રહી છે તેમ પણ ઉમેર્યું.

(BYTE: DROUPADI MURMU, PRESIDENT OF INDIA)

લલિત કળા અકાદમી દ્વારા આ વર્ષે કલાકારો દ્વારા બનાવાયેલી કલાકૃતિઓના વેચાણને પ્રોત્સાહન આપવા બદલ સુશ્રી મુર્મૂએ આનંદ વ્યક્ત કર્યો. તેમણે કહ્યું, તેનાથી કલાકારોને નાણાકીય મદદ મળશે અને દેશની સર્જનાત્મક અર્થવ્યવસ્થા મજબૂત થશે.

. . . . . . . . . . . . .

## CHHATTISGARH MAOISTS

છત્તીસગઢના દંતેવાડા જિલ્લામાં આજે 21 મહિલા સહિત 71 માઓવાદીઓએ સુરક્ષા દળ સામે આત્મસમર્પણ કર્યું. પોલીસે જણાવ્યું, આમાંથી 30 માઓવાદી પર કુલ 64 લાખ રૂપિયાનું ઈનામ હતું. માઓવાદીઓએ જિલ્લામાં ચાલી રહેલા “લૉન વર્રાટૂ યા ઘર વાપસી”

અભિયાન હેઠળ આત્મસમર્પણ કર્યું છે. તેઓ વિસ્તારમાં વિવિધ ઘટનાઓમાં સામેલ હતા.

અધિકારીઓએ કહ્યું, રાજ્ય સરકારની પુનર્વસન નીતિ હેઠળ આત્મસમર્પણ કરનારા માઓવાદીઓને 50—50 હજાર રૂપિયાનો પ્રોત્સાહન રકમ સાથે કૌશલ્ય વિકાસની તાલીમ સહિત અન્ય સુવિધા પણ અપાશે.

. . . . . . . . . . . . .

## RAGASA TYPHOON

વાવાઝોડા "રાગાસા"એ તાઇવાન, હૉન્ગકૉન્ગ, ફિલિપાઈન્સ અને દક્ષિણ ચીનમાં માળખાકીય સુવિધાઓને નુકસાન પહોંચાડી તારાજી સર્જી છે. વાવાઝોડાના કારણે તાઇવાનમાં 14 લોકોના મોત અને 18 લોકો ઇજાગ્રસ્ત થયા છે. આ તાઇવાનના પૂર્વ, ઉત્તર અને દક્ષિણ દરિયાકાંઠાના ક્ષેત્રમાં ભારે વરસાદ સાથે તારાજી સર્જી રહ્યું છે. દરમિયાન ફિલિપાઈન્સમાં ચાર લોકોએ જીવ ગુમાવ્યા છે.

દક્ષિણ ચીનમાં પણ જનજીવન ઠપ થઈ ગયું છે. ચીનના ગ્વાન્ગડૉન્ગ પ્રાન્તમાં વાવાઝોડું નજીક આવવાને કારણે વર્ગખંડ, ઉત્પાદન, જાહેર પરિવહન અને વ્યવસાયિક પ્રવૃત્તિઓ મોકૂફ રાખવામાં આવી છે. ચીનના રાષ્ટ્રીય હવામાન વિજ્ઞાન કેન્દ્રએ નારંગી ચેતવણી જાહેર કરી છે. આ વાવાઝોડાથી ભારે પવન સાથે વરસાદની આગાહી છે. રાગાસા ધીમેધીમે હૉન્ગકૉન્ગથી દૂર જઈ રહ્યું છે, પરંતુ શહેરમાં તોફાની હવાઓનો કહેર યથાવત્ છે.

. . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

---------------------------------------------------------------------------

# JK VAISHNO DEVI

સોમવારે નવરાત્રિના પ્રારંભથી અત્યાર સુધી 32 હજારથી વધુ શ્રદ્ધાળુઓએ ત્રિકુટા પર્વતો પર સ્થિત જમ્મુ-કાશ્મીરના શ્રીમાતા વૈષ્ણો દેવીના ગુફા મંદિરમાં દર્શન કર્યા. આકાશવાણી જમ્મુના સંવાદદાતા જણાવે છે, નવરાત્રિ ઉત્સવ માટે ફૂલ અને રોશનીથી શણગારાયેલા મંદિરમાં સુરક્ષા સઘન રખાઈ છે. યોગ્ય રીતે ચાલી રહેલી યાત્રા વચ્ચે દરરોજ 12થી 13 હજાર શ્રદ્ધાળુ મંદિરમાં દર્શન કરી રહ્યા છે.

શ્રાઈન બૉર્ડે તીર્થયાત્રીઓની મદદ માટે સ્વયંસેવકોને પણ તહેનાત કર્યા છે. દેશભરથી આવતા શ્રદ્ધાળુઓ માટે એક સલામત અને આરામદાયક તીર્થયાત્રા અનુભવ સુનિશ્ચિત કરવા પીવાના પાણીના કેન્દ્ર,

આરોગ્ય સહાય કેન્દ્ર અને ભીડ વ્યવસ્થાપન ઉપાય સહિત વધારાની સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી રહી છે.

આ વર્ષે શ્રાઈન બૉર્ડે યાત્રા માર્ગ પર સમન્વય અને સંચારને વધુ યોગ્ય બનાવવા વાયરલૅસ સંચાર સૅટ લગાવ્યા છે. સમગ્ર ઉત્સવ દરમિયાન પોલીસ, C.R.P.F, અર્ધસૈનિક દળ અને ત્વરિત પ્રતિક્રિયા ટુકડીઓને સામેલ કરતા એક બહુ-સ્તરનું સુરક્ષા કવચ રખાયું છે. 26 ઑગસ્ટે યાત્રા માર્ગ પર ભૂસ્ખલનને કારણે 22 દિવસ સુધી સ્થગિત રહ્યા બાદ 17 સપ્ટેમ્બરે તીર્થયાત્રા ફરી શરૂ થઈ છે.

. . . . . . . . . . . . .

## ASIA CUP INDIA BANGLADESH

એશિયા કપ ટી-20 ક્રિકેટમાં આજે સુપર ચાર મુકાબલામાં ભારત અને બાંગ્લાદેશ વચ્ચે થોડીવારમાં મૅચ શરૂ થશે. બાંગ્લાદેશે ટૉસ જીતીને પહેલા બૉલિંગ પસંદ કરી છે. આજે વિજેતા થનારી ટીમ ફાઈનલમાં પહોંચશે. બંને જ ટીમે સુપર ચારમાં પોતાની પહેલી મૅચ જીતી લીધી છે. અગાઉ ભારતે પાકિસ્તાનને અને બાંગ્લાદેશે શ્રીલંકાને હરાવ્યું હતું. ભારતીય ટીમ સૂર્યકુમાર યાદવ અને બાંગ્લાદેશની ટીમ જાકર અલીના નેતૃત્વ હેઠળ મેદાનમાં ઉતરી છે.

. . . . . . . . . . . . .

# KOREA OPEN

કોરિયા બેડમિન્ટન ટૂર્નામેન્ટમાં આજે એચ. એચ. પ્રણયનું અભિયાન નિરાશાજનક રીતે પૂર્ણ થયું. ઈજાના કારણે તેમને રિટાયર્ડ કરાયા હતા. જ્યારે આયૂષ શેટ્ટી અને કિરણ જ્યોર્જને પણ હારનો સામનો કરવો પડ્યો. આ સાથે જ સ્પર્ધામાં ભારતનું અભિયાન પૂર્ણ થઈ ગયું છે.

. . . . . . . . . . . . .

# REV GST REFORMS FOOD PRODUCT

વસ્તુ અને સેવા કર- GSTમાં કરાયેલા આગામી પેઢીના સુધારા દેશમાં પરોક્ષ કર પ્રણાલિને સરળ બનાવવાની દિશામાં એક મહત્વનું પગલું છે. નવા કર દર આ મહિનાની 22 તારીખથી લાગુ થયા છે. નવા માળખા હેઠળ હવે પાંચ અને 18 ટકાના બે સ્તરના જ કર લાગૂ છે. કરના દર ઘટાડા કરનારા આ સુધારાથી લોકોને ઘણી રાહત મળી છે.

**(V/C- MAYUR SOLANKI)**

*(....આગામી પેઢીના GST સુધારા હેઠળ સરકારે સામાન્ય નાગરિકના ખર્ચ ઘટાડવા ખાદ્ય ચીજવસ્તુઓ પર નોંધપાત્ર કર ઘટાડ્યો છે. મધ્યમ અને અતિ-મધ્યમ વર્ગના પરિવારોને પ્રત્યક્ષ બચતનો લાભ આપવા સરકારે તૈયાર અને સુરક્ષિત શાકભાજી પર કરના દર 12 ટકાથી ઘટાડી પાંચ ટકા કર્યો છે. આ જ રીતે પ્રસંસ્કરણ કરાયેલા ફળો પર GST દર પાંચ ટકા કરાયો છે. આ પગલાનો હેતુ ખાદ્ય પ્રસંસ્કરણ ક્ષેત્રને પ્રોત્સાહન આપવા, નિકાસને વધારવા અને ખર્ચને ઘટાડી ખેડૂત અને ગ્રાહકોને લાભ પહોંચાડવાનો છે. આ સુધારાથી યુવાનો અને પરિવારો માટે સ્વસ્થ જીવનશૈલીને સારી બનાવશે.*

*રોહન સાથે મયુર સોલંકી, આકાશવાણી સમાચાર, અમદાવાદ)*

. . . . . . . . . . . . .

## WB - HEAVY RAINFALL

કોલકાતા અને આસપાસના વિસ્તારોમાં વરસાદ સંબંધિત ઘટનાઓમાં મૃત્યુઆંક વધીને 11 થયો છે. કોલકાતા અને ઉપનગરોના અનેક વિસ્તારોમાંથી પાણી ઓસર્યું છે પરંતુ ઘણા વિસ્તારો હજુ પણ પાણીમાં ગરકાવ છે. મુખ્યમંત્રી મમતા બેનર્જીએ મૃતકોના પરિવારજનો માટે બે લાખ રૂપિયાની સહાયની જાહેરાત કરી છે. દરમિયાન, કેન્દ્રીય શિક્ષણ રાજ્યમંત્રી અને ભાજપના નેતા ડૉ. સુકાંત મજુમદારે કોલકાતામાં પાણી ભરાવાથી થયેલા વીજળીના કરંટથી થયેલા મૃત્યુ માટે મુખ્યમંત્રી મમતા બેનર્જીની આકરી ટીકા કરી હતી.

. . . . . . . . . . . . .

## IMD WEATHER

હવામાન વિભાગે ઓડિશા અને છત્તીસગઢમાં આજે ધોધમાર વરસાદની આગાહી કરી છે. વિભાગે જણાવ્યું, ઉત્તર-પૂર્વ, બિહાર, દરિયાકાંઠાના આંધ્રપ્રદેશ, પૂર્વ મધ્યપ્રદેશ, પશ્ચિમ બંગાળના કેટલાક ક્ષેત્ર, ઝારખંડ, તેલંગાણા અને વિદર્ભના કેટલાક ભાગમાં આગામી બેથી ત્રણ દિવસ સુધી ભારે વરસાદ થઈ શકે છે.

જ્યારે અંદમાન અને નિકોબાર ટાપુ, રાયલસીમા, પૂર્વ રાજસ્થાન, મધ્યપ્રદેશ અને મહારાષ્ટ્રમાં કેટલાક સ્થળ પર આવતીકાલ સુધી

ગાજવીજ સાથે વિજળી ચમકવા અને ઝડપી પવન ફૂંકાવા સાથે વરસાદ થવાની સંભાવના છે.

. . . . . . . . . . . . .